ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૩-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### સરકાર પાણીદાર પણ પાણી મુદ્દે બેદરકાર

ગુજરાત વિધાનસભામાં એકતરફી વાતાવરણ સરજી શકાય એવી રાક્ષસી બહુમતી મેળવ્યા પછી પણ નરેન્દ્ર મોદી માટે કેશુબાપા અને કોંગ્રેસના વાજબી સવાલોનાં જવાબ આપવામાં ફાંફાં પડી રહ્યાં છે. એક તરફ મુખ્યમંત્રીએ છ કરોડ ગુજરાતીઓનાં ખભા પર ચડી એકસો પચીસ કરોડ હિંદુસ્તાનીઓનાં હૃદય સમ્રાટ બનવાના મિશનની કૂકરીઓ ગોઠવવા માંડી છે ત્યારે ઘર આંગણે હજી તો ફાગણ હમણાં જ બેઠો છે અને ખરો ઉનાળો આકરો નીડવાનાં એંધાણ વરતાઇ રહ્યાં છે. સૌથી મોટી સમસ્યા પાણીની ઊભી થઇ છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં દિનપ્રતિદિન જળસંકટ ઘેરૂં બની રહ્યું છે. પીવાના પાણીના મુદ્દે આ વિસ્તારોમાં અત્યારથી વધી રહી છે. કોંગ્રેસના ધારાસભ્ય રાઘવજી પટેલે હાલની મંથર ગતિએ કામ ચાલ્યા કરશે તો નર્મદા કેનાલની કામગીરી ૧૨૧ વર્ષે પૂરી થઇ શકશે એવી દહેશત વ્યક્ત કરી છે. એમણે નર્મદા યોજના સંદર્ભે કાર્યરત પ્રતિષ્ઠાનો અને રાજયના નાણા વિભાગ વચ્ચે પ્રવર્તતી નાણાકીય વિસંગતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. વિપક્ષના દંડક બળવંતસિંહ રાજપૂત ઉત્તર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે. એમનો સ્પષ્ટ આક્ષેપ છે કે નર્મદા યોજનામાં ૨૦૦૬ના વર્ષ પછી ભાજપની સરકારે કોઇ જ કામગીરી કરી નથી, એથી એમ જ માનવાનું મન થાય કે રાજયના ખેડૂતોને નર્મદાનાં પાણી પહોંચાડવાની આ સરકારની દાનત જ નથી. ભૂતપૂર્વ મુખ્યમમંત્રી અને ગુજરાત પરિવર્તન પાર્ટીનાં પ્રમુખ શ્રી કેશુભાઇ પટેલે પીવાનાં પાણીના ઘેરા બની રહેલા સંકટને ગંભીર ગણાવી આ મુદ્દે વિધાનસભામાં એક દિવસની ખાસ ચર્ચા માગી હતી પણ સરકારની રહેમનજરમાં રહેવા ટેવાયેલા વર્તમાન અધ્યક્ષ વજુભાઇ વાળાએ એક સમયનાં એમનાં ઘડવૈયા દ્વારા રજૂ કરાયેલી દરખાસ્ત ફગાવી દીધી હતી. આમ તો વજુભાઇનું રાજકોટ પણ 'પાણી, પાણી'ના પોકાર પાડી રહ્યું છે પરંતુ એમને પ્રજા કરતાં સવિશેષ મુખ્યમંત્રીશ્રીની ગુડ બુકમાં રહેવું હોય ત્યાં બિચારા શું બોલે! કેશુભાઇ પટેલે વર્તમાન સરકારે પીવાના પાણી અંગે કોઇ માસ્ટર પ્લાન નહીં બનાવ્યો હોવાનો આક્ષેપ કરતાં ઉમેર્યું હતું કે જો સરકાર કચ્છ - સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની પેય જળ સમસ્યા વિશે ગંભીર હોય અને એ વિશે એણે કોઇ માસ્ટર પ્લાન બનાવ્યો હોય તો દરેક ધારાસભ્યને તેમજ નાગરિકોને એની નકલ ઉપલબ્ધ કરાવવી જોઇએ. રાક્ષસી બહુમતીના તોરમાં સરકારના જળસંપત્તિ વિભાગનાં મંત્રી વિપક્ષના વાજબી પ્રશ્નોની હાંસી ઉડાવતા ફરે છે. નર્મદા મુદ્દે મંથર ગતિથી ચાલતા કામ માટે તેઓ દોષનો ટોપલો કોંગ્રેસના શિરે ઢોળી દેવાની કોશિશ કરે છે. કોંગ્રેસની સરકાર જ નર્મદા ડેમની ઊંચાઇ વધારવાની મંજૂરી નથી આપતી એમ જણાવી તેઓ પ્રવર્તમાન કઠોર વાસ્તવ સામે આંખમિચામણાં કરે છે. ડેમની ઊંચાઇ વધારવા માટે કોંગ્રેસ નહીં પરંતુ વિસ્થાપિતોનાં હિતમાં આંતરરાષ્ટ્રીય વગ ધરાવતી કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ અને ખુદ મધ્યપ્રદેશની ભાજપ સરકાર તરફથી વાંધાવચકા ઉઠાવાતા રહ્યા છે, એ કોણ નથી જાણતું?

પાણી જેવી જીવનજરૂરિયાતની બાબતને 'ટોપ પ્રાયોરિટી' આપી એ મુદ્દે રાજકારણ ન રમાય તે સૌના હિતમાં છે.

# ગાંધીનગરનાં ૨૦ વિદ્યાર્થીઓએ ડાન્સની પ્રિબેઝીક પરીક્ષા ઉત્તિર્ણ કરી પ્રમાણપત્રો મેળવ્યા

### માઉન્ટ કાર્મેલ સ્કુલનાં આચાર્યા સિસ્ટર રેણુકાના હસ્તે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા



ગાંધીનગર, તા. ૧૩

પ્રતિભા એકેડેમી સાથે સંલગ્ન શાઓલીન ડાન્સ એકેડેમી દ્વારા ગાંધીનગરની વિવિધ શાળાઓમાં ચાલતા નિયમિત ડાન્સ કલાસીસમાં ડાન્સનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવાનો એક કાર્યક્રમ તાજેતરમાં સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં પ્રમાણપત્ર મેળનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા શાળાના આચાર્યા સિસ્ટર રેણુકા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રતિભા એકેડેમીનાં નિયામક તથા કરાટે સહિત વિવિધ કૌશલ્યવર્ધન પ્રવૃત્તિઓ સાથે સકંળાયેલા શ્રી ગૌરાંગભાઈ રાણાએ એક અખબારી યાદીમાં આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું છે કે શાઓલીન ડાન્સ એકેડેમી દ્વારા પ્રથમવાર પ્રિબેઝીકની પરીક્ષા લઈ તેમાં ઉત્તિર્ણ થનાર ગાંધીનગરનાં ૨૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ વિદ્યાર્થીઓને ડાન્સનાં પ્રશિક્ષક શ્રી ભાવેશભાઈ જાદવ દ્વારા ડાન્સનો અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. આ પરીક્ષા જાણીતા ડાન્સ પ્રશિક્ષક શ્રી નવદીપભાઈ બારોટે લીધી હતી. પ્રમાણપત્રો એનાયત કરતા પહેલા વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારનાં ડાન્સનું નિદર્શન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત અતિથિગણ સહિત વાલીઓ પણ તેમના સંતાનોના નિદર્શનથી પ્રભાવિત થયા હતા. પ્રમાણપત્રો મેળવનાર દરેક ડાન્સરોને તેમના શિક્ષક શ્રી ભાવેશભાઈ તથા પ્રતિભા એકેડેમીનાં નિયામક શ્રી ગૌરાંગભાઈ અને માઉન્ટ કાર્મેલ સ્કુલનાં આચાર્યા સિસ્ટર રેણુકાએ અભિનંદન પાઠવ્યા હતા.



કાલે આપણાં મીનીસ્ટર બહેને કહ્યું ને કે ગાંધીનગરને વર્લ્ડ ક્લાસ સીટી બનાવવાનું છે એટલે શાકભાજીનો રેટ પણ અમે વર્લ્ડ ક્લાસ કરવાનાં છીએ...!!

# ગણિતના પેપરમાં બોર્ડની ગંભીર ભૂલ

અમદાવાદ, તા. ૧૩

બોર્ડની પરીક્ષામાં છબરડાની પરંપરા જાણે કે અટકવાનું નામ જ લેતી નથી. પહેલા વિદ્યાર્થીઓની રિસિપ્ટ અને પરીક્ષાની બેઠક વ્યવસ્થામાં છબરડાની ઘટનાઓ સામે આવ્યા બાદ પ્રશ્નપત્રોમાં પણ હવે આ પરંપરા જળવાઈ રહી છે. જેમાં આજે ધોરણ ૧૦ના ગણિતના પ્રશ્નપત્રમાં બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩ની જગ્યાએ માર્ચ ૨૦૧૨ છપાઈ ગયુ હતુ. જેને લઈને બોર્ડની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ મુંઝાઈ ગયા હતા.

જો કે બાદમાં પરીક્ષા સંચાલકો જિલ્લા શિક્ષણ અધિકારીઓ સાથે વાત કરી આ માર્ચ ૨૦૧૩નું જ પેપર હોવાની ખાતરી આપી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પેપર લખ્યુ હતુ. આ અંગે શિક્ષણ બોર્ડનો સંપર્ક સધાતા શિક્ષણ સચિવ એમએમ જોષીએ પ્રિન્ટિંગ ભૂલથી આવું બન્યુ હોવાનો લુલો બચાવ કર્યો હતો.





## વાવોલની શાળામાં બ્લડગ્રુપ ચેકઅપ કેમ્પ યોજાયો

શ્રેયશ ફાઉન્ડેશન, ગાંધીનગર અને ટ્રેક ફાઉન્ડેશન, અમદાવાદના સહયોગથી વાવોલની સરકારી પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં બ્લડગ્રુપ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ શૈલેષભાઈ પટેલ દ્વારા આ કેમ્પનું મહત્વ બાળકોને સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લત્તાબેન મેવાડા, રાજુલબેન શાહ તથા મીનાક્ષીબેન પટેલે સહયોગ આપ્યો હતો.

# ધોરણ-૧૦માં દ્વિતિય ભાષા ગુજરાતીનું આજે પેપર થશે

અમદાવાદ, તા.૧૩

ગુરુવારે બોર્ડની પરીક્ષામાં ધોરણ ૧૨માં બે મુખ્ય વિષયોની પરીક્ષા લોમાં આવશે. જેમાં ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહ(જુનો કોર્ષ)માં ગુરુવારે ગણિતનું પેપર લેવામાં આવશે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના આટ્‌ર્સ વિભાગના વિદ્યાર્થીઓ મનોવિજ્ઞાનનું પેપર આવશે. તો ધોરણ ૧૦માં ગુરુવારે ગુજરાતી દ્વિતિય ભાષાનું પેપર લેવામાં આવશે. આજે બોર્ડની પરીક્ષામાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના કોમર્સના વિદ્યાર્થીઓ બાદ ગુરુવારે ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહ (જુનો કોર્ષ) અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના આટ્‌ર્સ વિભાગના વિદ્યાર્થીઓની અગ્ની પરીક્ષા થશે. જેમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ(જૂનો કોર્ષ)ના વિદ્યાર્થીઓ ગુરુવારે ગણિત જેવા અઘરા અને મહત્વના વિષયનું પેપર આપશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એન્જિનિયરીંગ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી બનાવવા માંગતા વિદ્યાર્થીઓ માટે ગણિત વિષય સૌથી મહત્વનો માનવામાં આવે છે. જેના કારણે ગુરુવારનું પેપર ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. જેને લઈને ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓમાં ભારે આતુરતા જોવા મળી રહી છે.

જ્યારે બીજીબાજુ ગુરુવારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં સૌથી મુશ્કેલ માનવામાં આવતા મનોવિજ્ઞાનના વિષયનું પેપર લેવામાં આવશે. જો કે મનવિજ્ઞાનને છેલ્લા ત્રણ વર્ષથી ઓબ્શન વિષય કરી દેવામાં આવ્યો હોવાથી ૫૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ જ મનોવિજ્ઞાનની પરીક્ષા આપશે. બાકીના વિદ્યાર્થીઓને ગુરુવારે રજા રહેશે. તો ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને ગુરુવારે દ્વિતિય ભાષા ગુજરાતીનું પેપર આપશે. જો કે ગુજરાતમાં મોટાભાગના વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા દ્વિતિય ભાષા તરીકે અંગ્રેજી પસંદ કરી હોવાથી માત્ર જુજ વિદ્યાર્થીઓ જ ગુરુવારની પરીક્ષા આપવા માટે બેસશે. બીજીબાજુ ધોરણ ૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહમાં ગુરુવારે કૃષિ જુથ-એના વિદ્યાર્થીઓ પશુસંવર્ધન કૃત્રિમ બિજદાન વાણિજ્ય જૂથ-૨ના વિદ્યાર્થીઓ કચેરી કાર્યપદ્ધતિ અને વ્યવહાર, ગૃહવિજ્ઞાન જુથ - એચના વિદ્યાર્થીઓ એડવાન્સ હાઉસકિપીંગ અને તાંત્રિક જુથ-પના વિદ્યાર્થીઓ મિકેનિકલ ટેકનોલોજીનું પેપર આપશે.

## "તમારી વાઇફ તો ટી.વી. સિરીયલની લ્હાયમાં તમને રાત્રે જમવાનું મોડું-વહેલું આપે છે પણ મારી વાઇફ તો બધી સિરીયલો જોયા પછી, રાત્રે સૂતાં પહેલાં બધાની સ્ટોરી સંભળાવ્યા વિના મને સૂવા દેતી નથી..."

### ગુરૂવારની ગપસપ

- પ્રકાશ લાલા

"અલ્યા કાતર-મેંજરટેપ, કેમ આમ ચીમળાઇ ગયેલા ચીકુ જેવું મોં કરીને બેઠો છે, હેં?"

ચોકઠા પરિષદની અમારી રાત્રિ બેઠકમાં એન્ટ્રી મારવા સાથે જ રેડ અંકલે 'મૂડ ઓફ' કરીને બેઠેલા દરજીભાઇની ઉલટતપાસ આરંભી.

દરજીભાઇએ કશો જવાબ ન આપ્યો. લાલાકાકાએ અમારી વચ્ચે ગણપતિની જેમ ગોઠવાઇ જઇ, વોઇસનું વોલ્યુમ થોડું વધારીને, ફરી પ્રશ્ન કર્યો : "અલ્યા ઓડિટર, મેં તને પૂછ્યું, કેમ આમ વિલાઇ ગયેલો દેખાય છે, હેં?"

"જવાદો ને કાકા... આ ઇડિયટ બોક્ષે તો દાટ વાળ્યો છે!" દરજીભાઇ બોલ્યા.

"અલ્યા પણ ટી.વી.માં એવું તે શું જોવાઇ ગયું તારાથી તે આમ તારો મૂડ ઓફ થઇ ગયો છે, હેં?"

લાલાકાકા જંપયા નહીં જ એમ લાગ્યું એટલે દરજીભાઇએ કહ્યું : "કાકા, હું તો ટી.વી. ઝાઝુ નથી જોતો પણ..."

"અરે કાકા, પનુભાઇ આજે સાંજે હું ઓફિસથી ઘરે આવ્યો એટલે મારી વાઇફે કહ્યું કે આજે હવે ચોપડી કે પેપર લઇને બેસવાના બદલે ઝટ ઝટ પરવારજો... મેં પૂછ્યું કે કેમ, શું છે આજે? તો કહે : આજે મધુબાલામાં લગ્ન છે... અમે ખૂબ મગજ કસ્યું કે મધુબાલા કોણ? કોની છોકરી? સગામાં છે કે પરિચિત - પડોશીમાં? પણ કશું યાદ ન આવ્યું એટલે અમે પૂછ્યું કોણ મધુબાલા? કોની છોકરી? તારે એકલીએ જવાનું છે કે બંનેએ? જમવાનું ત્યાં છે? ત્યારે મારી વાઇફે સહેજ ચિડાઇને જવાબ આપ્યો : તમને તો કશી ખબર જ નથી પડતી."

કોઇ આપણી સગી નથી આ તો ટી.વી. સિરીયલ 'મધુબાલા'ની મધુબાલાની વાત છે. આજના એપીસોડમાં એનાં ને આર.કે.ના લગ્નનો પ્રસંગ આપવાનો છે. એટલે જોવા જ પડશે માટે ચાલો જમવાનું ઝટ પતાવો એટલે હું ફટાફટ પરવારીને ટાઇમસર જોવા બેસી શકું!

"ઓહ!" અમે બધા બોલી ઊઠ્યા.

"બોલો લાલાકાકા, ઘરનાં બૈરાંને જાણે પરિવારમાં કોઇનાં લગ્ન હોય એટલો ઉત્સાહ ટી.વી. સિરીયલનાં પાત્ર લગ્નમાં પડી જાય પછી મગજ જાય કે નહીં?"

"તારી વાત તદ્દન સાચી છે ઓડિટર." રેડ અંકલે દરજીને કહ્યું : "પણ આ તો કહાની ઘર ઘરકી છે, ભાઇ, ઘેર ઘરે ગેસનાં ચૂલા છે. આ તમારી કાકી અમારો રાતનો ટી.વી. સિરીયલોના ટાઇમ પ્રમાણે બદલતી રહે છે. જો એને ગમતી સિરીયલ સાડા સાતે આવતી હોય તો તમારી અંકલી - સોરી કાકી રસોઇ ને રસોડું બધું એ પહેલાં આટોપી લેવા અમને વહેલા જમાડી દે છે. તે જો કોઇ થોડી મોડી આવતી સિરીયલ જોવામાં એમને રસ પડ્યો હોય તો રાતના જમવાની અમારી થાળી પીરસવામાં ધીમી ગતિના સમાચાર જેવું ચલાવે... આમાં ફરિયાદ શું કરવી ને કોને કરવી, ખરૂંને પનુભાઇ?"

"યસ, અંકલ..." અમારા બદલે કુલકર્ણીજી બોલી ઊઠયા : "મેં તો ન્યૂઝ સિવાય ટી.વી. જોતા નથી. મારી વાઇફ હિંદીને ગુજરાતી સિરીયલ્સ દેખે છે. પણ પછી રાતે સૂતા પહેલાં એ બધાની સ્ટોરી મને સંભળાવ્યા વિના સૂતી નથી કે મને સૂવા દેતી નથી..."

"વાહ, કહેવું પડે... "મોંમાંથી તમાકુ મિશ્રિત પાનની પીંચકારી મારતાં પંચાલભાઇએ વાતમાં સૂર પુરાવવા બોલવા માંડ્યું એટલે લાલાકાકાએ થોડા ચિતાઇને કહ્યું : "એ મસાલાખાઉં, તું કાં તો મોંમાંથી બધું કાઢીને પછી બોલ...અમારા ઉપર વગર ધૂળેટીએ લાલ રંગનાં છાંટણા થશે..."

"નહીં થાય, લાલાકાકા..." પંચાલભાઇએ મોંમાં પાનના રસ સાથે જ કહ્યું... એમાં બે-ચાર છાંટા બહાર છલકાયા એટલે રેડ અંકલ લાલપીળા થઇ ગયા : "તું માનતો નથી પણ જો આ... છાંટા ઊડ્યા કે નહીં? પનુભાઇ, આને સમજાવોને યાર, નહીં તો મારે જામી જશે, હોં?" અંકલે અમનેય ભેગા લીધા એટલે ના છૂટકે અમારે બોલવું પડ્યું : પંચાલભાઇ, લાલાકાકાની વાતમાં વજૂદ છે. તમે પાન-મસાલા ખાવાનાં બહુ અનુભવી છો એટલે મોંમાં એ ભરી રાખીને બોલી શકવાના અનુભવી છો પણ એક્સીડન્ટ તો અનુભવી ડ્રાઇવર પણ કરી બેસતો હોય છે, ખરૂં ને?"

"રાઇટ... મિ. પંચાલ, અંકલ એન્ડ પનુભાઇ સચ્ચી સાંગતો... તુમી એમની વાત માનો..." કુલકર્ણીએ પણ પંચાલભાઇનાં પાનમસાલાના વ્યસની સામે માઇલ્ડ વિરોધ વ્યક્ત કર્યો.

એટલે અકળાઇને પીંચકારી મારી થોડા દૂર ખસીને પંચાલ કહે : "હવે નિરાંત થઇ? હવે બોલું? મને તો એ જ સમજાતું નથીકે પાંચ-પાંચ વર્ષથી ચાલી આવતી સિરીયલોનાં પાત્રો, એની મૂળ કથાની ઉપકથા, આડકથા, પેટા કથા પેટામાંથી પેટા કથા, એમાં આવતાં નવા પાત્રો, એમનાં નામો, બદલાતા કલાકારો - આ બધું બહેનોને કેમનું યાદ રહેતું હશે?"

"કરેક્ટ, પંચાલભાઇ" કહેતા દરજીએ ટાપશી પુરાવી : સામાન્ય વાતમાં ગૂંચવાઇ કે મૂંઝાઇ જતી આપણી વાઇફો આ વર્ષોથી ચાલ્યા કરતી, લાંબી લચક સિરીયલોને સમજવામાં - માણવામાં જરાય ગૂંચવાતી નથી... અરે, આપણા બ્હોળા કુટુંબનાં સભ્યોનાં એટલે કે મામા - માસીનાં છોકરાં - વહુઓનાં નામ એમને યાદ નથી રહેતાં પણ આવી સિરીયલોમાં આવતાં પાત્રોનાં નામ એમને બરાબર યાદ રહે છે... આને શું સમજવું?

"કંઇ નહીં સમજવાનું, કેમ કે રાત્રે આઠથી અગિયાર સુધી સિરીયલો જોયા પછી ટી.વી. ઓફ કરતાં આ જ બહેનો કહેતી હોય છે... કંઇ નવું આવતું નથી... ખોટું લંબાવ્યા કરે છે... મગજ મૂકીને જોવાનું હોય છે... વચ્ચે કોઇ હપ્તો ન જોઇએ તોય કશું ગુમાવવાનું હોતું નથી..."

"એ તો છે જ... તો પછી જોનારા જુએ છે શું કામ?"

"ટાઇમ પાસ... બીજું કંઇ કરવાનું હોય નહીં એટલે પછી ટી.વી. સામે ગોઠવાઇ જાય, બીજું શું?" અમે કહ્યું

"ના, પનુભાઇ... ટાઇમપાસ માટે બીજી પ્રવૃત્તિઓ છે... હું મારી વાઇફને કહું છું કે જમીને થોડું ચાલી આવીએ... તો કહેશે ના, અત્યારે નહીં... તો તમે જ કહો, બીજી કઇ પ્રવૃત્તિમાં એમને પરોવવા?" દરજીભાઇએ ઉભરો ઠાલવ્યો.

ચાલતા જવાની વાત ઉપરથી અમને રેડ અંકલની 'મોર્નિંગ વોક' યાદ આવી એટલે પૂછ્યું.

"લાલાકાકા, તમારૂં મોર્નિંગ વોક કેવું ચાલે છે?"

"એકદમ ફાઇન... તમને કહી કહીને થાક્યો પણ તમે મને કંપની આપવા આવતા જ નથી. બાકી મોર્નિંગ વોકના ફાયદા કેટલા બધા છે! ચાલવાની એકસરસાઇઝ થાય, ખુલ્લી - શુધ્ધ હવા મળે..."

"હા... વહેલી સવારનું, લહેરાતા ઝાડપાનનું, પક્ષીઓનાં ટહૂકાઓનું ને ઊગતા સૂરજનું સૌંદર્ય માણવા મળે... " અંકલની વાતમાં સવારે ચાલવા જવાના ફાયદાનું લીસ્ટ આગળ વધારતાં નવા ચોકઠાવાસી નવયુવાન અભિષેક બોલ્યો...

"પણ લાલાકાકાના મતે હજી બીજા બે ફાયદા છે વહેલી સવારે ચાલવા જવાના...." પંચાલે ફરી તમાકુ મિશ્રિત પીચકારીથી ધરતીમાતાને અપવિત્ર કરતાં કહ્યું.

"એ શું?" અમે પ્રશ્ન કર્યો.

"કાકા, કહી દઉં?" પંચાલે લાલાકાકા સામે જોઇને, અંકલથી સલામત અંતર રાખતા પૂછ્યું અને પછી કહી જ નાખ્યું : "લાલાકાકાના મોર્નિંગ વોકના બે મોટા લાભ છે એક તો રાત્રે કોઇની કંઇ વસ્તુ રસ્તામાં કે લોનમાં પડી ગઇ હોય તો તે આપણને મળી જાય અને પાછા વળતાં કોઇને કોઇ વોકર્સ ગ્રુપમાં જોડાઇ જઇ મફતિયા 'મોર્નિંગ ટી' નું રસપાન કરવા મળે... રાઇટ અંકલ? લાલાકાકા, ગઇકાલે, ઘ-૪નાં સર્કલની લોનમાંથી તમને જે જડ્યું એની વાત તો કરો બધાંને!"

પંચાલની આ કોમેન્ટ ઉપર ને અંકલ રાતાપીળા થતા, ધૂંધવાઇને, પૂળા જેવી મૂછો ચાવતા એ તો મારવા ધસ્યા અને અમે બધા લાલાકાકાને એવું તે શું જડ્યું હશે એની કલ્પના કરવામાં ફસ્યા!!

## "એ પાનમસાલાખાઉં, તું મોંમાંથી પાનમસાલા થૂંકીને અથવા અમારાથી ચાર ફૂટ દૂર જઇને જે કહેવું હોય તે કહે... નકામા વગર ધૂળેટીએ અમારા ઉપર રંગ છાંટણા ઉડાડીશ!!" લાલાકાકા બોલ્યા